सत्यमेव जयते

| | |
|---|---|
| GJJM090006712021 | કેસ દાખલ તા. : ૨૨/૧૦/૨૦૨૧<br>કેસ નોધ્યા તા. : ૨૨/૧૦/૨૦૨૧<br>ઠરાવ જાહેર તા. : ૦૨/૦૪/૨૦૨૬<br>------------------------<br>અવધિ : ૪ વર્ષ, ૫ માસ, ૧૧ દિવસ |

**આંક–**

**FORM-A**

**જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

| | |
|---|---|
| **ચુકાદાની તારીખ** | તારીખ ૦૨/૦૪/૨૦૨૬ |
| **એફ.આઈ.આર.ની વિગત** | જોડીયા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ. ર. નં. ૧૧૨૦૨૦૨૫૨૧૦૧૪૫/૨૦૨૧,તા.૦૭/૦૪/૨૦૨૧ |
| **ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૫૪(ક)૧, ૩૨૩, ૧૧૪ મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી પક્ષે વિધ્વાન એ.પી.પી.** | શ્રી એન.કે.પરમાર |
| **આરોપી** | (૧) રાહુલભાઈ રાયધનભાઈ નાટડા,<br>ઉ.વ.૨૨, ધંધો. ખેતી,<br>(૨) રોહીત રાયધનભાઈ નાટડા,<br>ઉ.વ.૨૧, ધંધો. ખેતી,<br>(૩) જીલુભાઈ ભલુભાઈ નાટડા,<br>ઉ.વ.૩૮, ધંધો. ખેતી,<br>તમામ રહે. તારાણા ગામ,તા.જોડીયા, જિ.જામનગર. |
| **આરોપી તર્ફે વિધ્વાન વકીલ** | શ્રી એ.પી.માંકડ |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | તા.૦૭/૦૪/૨૦૨૧ |
| **એફ.આઈ.આર. તારીખ તારીખ** | તા.૦૭/૦૪/૨૦૨૧ |
| **ચાર્જશીટ દાખલ તારીખ** | તા.૨૨/૧૦/૨૦૨૧ |
| **ચાર્જફ્રેમ તારીખ–** | તા.૨૨/૧૦/૨૦૨૧ |
| **પુરાવો ચાલુ થયા તારીખ** | તા.૧૪/૦૨/૨૦૨૩ |
| **ચુકાદા માટે રાખ્યા તારીખ** | તા.૨૫/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તા.૦૨/૦૪/૨૦૨૬ |
| **સજા, હુકમની તારીખ (લાગુ પડે તો)** | – |

**આરોપીની વિગત**

| આરોપી નં. | આરોપી નું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન / નિર્દોષ | કરવામા આવેલ સજા | ફો.કા.સં.ની કલમ–૪૨૮ કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાહુલભાઈ રાયધનભાઈ નાટડા | – | – | – | નિર્દોષ | – | – |
| ૨. | રોહીત રાયધનભાઈ નાટડા | – | – | – | નિર્દોષ | – | – |
| ૩. | જીલુભાઈ ભલુભાઈ નાટડા | – | – | – | નિર્દોષ | – | – |

**FORM – C**

**ફરીયાદપક્ષે /બચાવપક્ષે/ અદાલત તર્ફે સાહેદ યાદી**

**ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ૩૧ | બાવલા અબ્દુલા શેખ | પંચ સાહેદ |
| ૩૩ | સુલેમાન આમદ ગુચડ | પંચ સાહેદ |
| ૪૭ | મામદરફીક અબ્દુલકાદર પઠાણ | પંચ સાહેદ |
| ૫૪ | રામભાઈ ભુરાભાઈ વાંક | ફરીયાદી |
| ૫૬ | સાધાભાઈ ગાંડુભાઈ ડાંગર | પંચ સાહેદ |

| | | |
|---|---|---|
| ૬૧ | મકસુદ સુલેમાનભાઇ દલ | પંચ સાહેદ |
| ૬૫ | શાંતીબેન રામભાઇ વાંક | સાહેદ |
| ૭૧ | મહેશભાઇ સામતભાઇ પીઠમલ | પંચ સાહેદ |
| ૭૬ | વિપુલભાઇ લખમણભાઇ પીઠમલ | સાહેદ |
| ૭૭ | હીરાભાઇ ભુરાભાઇ વાંક | સાહેદ |
| ૭૮ | રણમલભાઇ હીરાભાઇ વાંક | સાહેદ |
| ૮૦ | ડો. જશવંત નાનુભાઇ મકવાણા | સાહેદ |
| ૯૨ | ધર્મદિપસિંહ પ્રવિણસિંહ ચુડાસમા | ત.ક.અ. |

## દસ્તાવેજી પુરાવા

| **આંક** | **દસ્તાવેજ** |
|---|---|
| ૩૨ | આરોપી અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું |
| ૩૪ | આરોપી અટક અંગેનું પંચનામું |
| ૫૫ | ફરીયાદ |
| ૫૭ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૮૧ | સારવાર સર્ટીફીકેટ (દર્દી રામભાઇ ભુરાભાઇ વાંક) |
| ૮૨ | ઓ.પી.ડી. કેસ પેપર (દર્દી રામભાઇ ભુરાભાઇ વાંક) |
| ૮૩ | સારવાર સર્ટીફીકેટ (દર્દી શાંતીબેન રામભાઇ વાંક) |
| ૮૪ | ઓ.પી.ડી. કેસ પેપર (દર્દી શાંતીબેન રામભાઇ વાંક) |

## બ. બચાવપક્ષે સાહેદ લીસ્ટ

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| – | – | – |

## ક. અદાલતપક્ષે સાહેદ લીસ્ટ

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| – | – | – |

## -:: ચુકાદો ::-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ તારીખ ૦૭/૦૪/૨૦૨૧ના રોજ ક.૧૧/૦૦ વાગ્યાના અરસામાં જુના ઝઘડાનો ખાર રાખી રસ્તામાં સફેદ કલરની સ્વીફટ ફોર વ્હીલ કાર રજી.નં. જી.જે.૦૩.ઈ.એલ.૨૩૪૩ની આડી રાખી ફરીયાદી તથા સાહેદ મોટરસાઇકલ લઇ આવતા હોય ઉભા રાખી આરોપી નંબર-૩ નાએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી તથા આરોપી નંબર-૧ અને ૨ નાઓએ ફરીયાદીના પત્નિ સાહેદને બાથ ભરી પકડી રાખી સ્ત્રી જાતીય સતામણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪(ક)૧, ૩૨૩, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે જોડીયા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ. ર. નં. ૧૧૨૦૨૦૨૫૨૧૦૧૪૫/૨૦૨૧ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

(૨) સદર કામે આરોપીઓને ધોરણસરની સમન્સની બજવણી થઈ જતાં આરોપીઓ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ અન્વયે પુરી પાડયા બાદ, આરોપીઓ વિરૂદ્ધ આંક-૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ. આ કામના આરોપીઓને તહોમત મુજબનો ગુનો કબુલ છે કેમ ? તે બાબતે આંક- ૪ થી ૬ સુધી આરોપીઓનું નિવેદન નોંધવામા આવતાં, આરોપીઓ તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામમાં ફરીયાદપક્ષે પુરાવા રજુ થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા આંક-૯૩ થી પુરાવો પુરો થયા અંગેની પુરશીસ રજુ કરતા આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષના પુરાવાના અંતે આ કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ હેઠળ આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમાં તેઓએ નિર્દોષ હોવાનું જણાવેલ છે અને પુછેલા સવાલોના ઈન્કાર કરતા જવાબો આપેલ છે તથા બચાવમાં સાહેદો તપાસવાનો તથા સોગંદ ઉપર પુરાવો આપવાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૫) ઉપરોક્ત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલા પુરાવાને ધ્યાને લેતાં, આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તારીખ ૦૭/૦૪/૨૦૨૧ના રોજ જુના ઝઘડાનો ખાર રાખી રસ્તામાં સફેદ કલરની સ્વીફ્ટ ફોર વ્હીલ કાર રજી.નં. જી.જે.૦૩.ઈ.એલ.૨૩૪૩ની આડી રાખી ફરીયાદી તથા સાહેદ મોટરસાઈકલ લઈ આવતા હોય ઉભા રાખી આરોપી નંબર-૩ નાએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી તથા આરોપી નંબર-૧ અને ૨ નાઓએ ફરીયાદીના પત્નિ સાહેદને બાથ ભરી પકડી રાખી સ્ત્રી જાતીય સતામણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪(ક)૧, ૩૨૩, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**-:: કારણો ::-**

**<u>મુદ્દા નંબર ૧</u> ::-**

(૭) ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઈએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઈએ અને જો કોઈ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઈએ તેવુ કાયદાનું ધોરણ છે.

**(૭.૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૨ વાળા આરોપી અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ બાવલા અબ્દુલા શેખનાઓને આંક–૩૧ થી તથા મામદરફીક અબ્દુલકાદર પઠાણનાઓને આંક–૪૭ થી તપાસવામાં આવેલ છે તથા આંક–૩૪ વાળા આરોપીની અટક અંગેના પંચનામાનાં પંચ સાહેદ સુલેમાન આમદ ગુચડનાઓને આંક–૩૩ થી તથા મકસુદ સલેમાન દલનાઓને આંક–૬૧ થી તપાસવામાં આવેલ છે તથા આંક–૫૭ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાનાં પંચ સાહેદ સાધાભાઈ ગાંડુભાઈ ડાંગરનાઓને આંક–૫૬ થી તથા મહેશભાઈ સામતભાઈ પીઠમલનાઓને આંક–૭૧ થી તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સદર પંચનામામાં પોતાની સહી તથા અંગુઠાનું નિશાન ઓળખી બતાવેલ છે. એ સિવાયની પંચનામાની કોઈ હકિકતને સમર્થન આપેલ નથી. જેથી વિ.એપીપીશ્રી દ્વારા આંક–૩૧, આંક–૪૭, આંક–૩૩, આંક–૬૧ અને આંક–૫૬ વાળા પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા વિનંતી કરતા તે પરવાનગી આપવામાં આવતા તે મુજબ પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પંચનામા મુજબની કોઈ હકિકતો જણાવેલ નથી. ઉપરોક્ત તમામ પંચ સાહેદો દ્વારા પંચનામાઓની કોઈ હકિકતોને સમર્થન કરેલ ન હોઈ પંચનામાની કોઈ હકિકત સાબીત થતી નથી. જેથી આંક–૩૨ વાળુ આરોપી અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામુ, આંક–૩૪ વાળુ આરોપીની અટક અંગેનું પંચનામુ અને આંક–૫૭ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામું પુરવાર થતુ નથી.

**(૭.૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૪ થી ફરીયાદી રામભાઈ ભુરાભાઈ વાંકને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તારીખ ૦૭/૦૪/૨૧ ના રોજ બનેલો. તેઓ પોતાની કટકી ખેતરેથી આવતા હતા ત્યારે ગામના ઢાળીયા પાસે આવતા બે ગાડી રસ્તામા આડી રાખી દીધેલ આ ગાડીમાં એક ક્રેટા અને એક સ્વીફ્ટ હતી. બન્ને ગાડીમાંથી બબ્બે માણસો ઉતરેલા તેમા રાહુલ રાયધન, રોહીત રાયધન, સાધા ભલુ અને જીલુ ભલુ ઉતરેલા. તેઓ મોટર સાયકલ લઈને આવતા હતા ત્યારે તેઓના ઘરનાને રોહીત રાયધન અને રાહુલ રાયધને ઉતારી લીધા અને જીલુ ભલુ તેઓને માર મારવા લાગેલ અને સાધા ભલુ જોટો લેવા ગયેલા અને તેઓ માર મારવા લાગેલ અને તેઓ પોતાનું મોટર સાયકલ લઈને ભાગી છુટેલ. મારા ઘરનાને રોહીત રાયધન અને રાહુલ રાયધને પકડી રાખેલા. તેઓ પોતાની બીજી વાડીએ જતા રહેલ અને તેઓએ ૧૦૦ નંબરમા પોલીસને ફોન કરેલ. પોલીસ તેઓની વાડીએ આવેલ અને તેઓ બન્નેને હોસ્પિટલે લઈ ગયેલ. ડોકટરે તેઓના હાથમા અને પગમા લાગી

ગયેલ હોય સારવાર કરેલ અને તેઓએ ફરીયાદ કરેલ. તેઓ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે તથા આરોપીઓને જોયેથી ઓળખે છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તેઓના ગ્રુપ અને સાધાભાઈના ગ્રુપને આ પહેલા પણ મારામારી વિગેરે બનાવ બનેલા છે અને તેની ફરીયાદ પણ થયેલી છે, તેઓના ગ્રુપના તેઓ તથા તેઓના ભાણેજ વિગેરે ત્રીસ થી બત્રીસ જણા સાધાભાઈના પરીવાર પર હુમલો કરેલ અને તેમા સાધાભાઈના ભાઈ વાસુરભાઈ નુ અવસાન થયેલ તે બાબતનો કેસ તેઓના પર થયેલ અને જે હાલ સેસન્સ કોર્ટમા ચાલે છે, આ કેસ બાબતે તેઓમાના બે વ્યકિતઓ આજે પણ જેલમા છે, તેઓ જે ઢાળીયો કહે છે ત્યાંથી સીધા દક્ષિણ બાજુ જઈએ તો જરાગઢ જવાનો જુનો રસ્તો આવેલો છે, પશ્ચિમ બાજુએ જઈએ તો આજી ડેમ ૪ નો પાળો અને મેલડી માતાજીનું મંદીર આવે, ઉતર બાજુ જઈએ તો સો ફુટ છેટાથી તારાણા ગામના રહેણાકના મકાનો આવી જાય, બનાવ બન્યો તે સમયે ખેતીની સીઝન ચાલુ હોય આ રસ્તા ઉપર માણસોની સતત અવરજવર રહે છે. વધુમાં સાહેદે ઉલટતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, જો અવાજ થાય તો આજુબાજુના માણસો બહાર આવી જાય તેવુ બને નહી, તેઓ ૪ ધોરણ પાસ છે, તેમને એ વાતનો ખ્યાલ નથી કે તેઓએ પોતાની ફરીયાદમા મારા મોટરસાયકલના નંબર અને જે બે ફોરવ્હીલ કહુ છુ તેના નંબર લખાવેલ નથી, તેઓ જે તેઓની તપાસમા જોટો જણાવેલ છે તે જોટો એટલે બંદુક, બનાવવાળી જગ્યાથી તેઓની વાડી એકાદ કિલોમીટર દુર આવેલ છે, તેઓનું રહેણાક મકાન છે તે બનાવવાળી જગ્યાથી નજીક થાય. સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ ૧૦૦ નંબરમા ફોન કરેલ તે હકીકત તેઓની ફરીયાદમા લખાવેલ નથી તેમજ જે મોબાઈલ ઉપરથી ફોન કર્યાનું જણાવે છે તે મોબાઈલના નંબર પણ તેઓએ પોતાની ફરીયાદમા લખાવેલ નથી. વધુમાં સાહેદે ઉલટતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, તેઓ જે ડોકટર પાસેથી સારવાર લીધેલી તેને તેઓએ બનાવ વિશે જાણ કરેલી, ડોકટરે સારવાર આપ્યા બાદ તેઓના ઘરનાને વધુ સારવાર માટે બીજે લઈ જવાનુ કહેલ, તેમને વધુ સારવાર માટે બીજે જવાનુ કહેલ નહી, તેઓના ઘરનાને તેઓ બીજે દિવસે પ્રાઈવેટમા દુધઈ મુકામે ડોકટર ગાંગાણી સાહેબ પાસે લઈ ગયેલ. ગાંગાણી સાહેબને તેઓએ બનાવ બાબતે કોઈ વાત કરેલ નહી.

(૭.૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૬૫ થી સાહેદ શાંતીબેન રામભાઈ વાંકને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૨૦૨૧ મા બનેલો. ગામ નજીક આવતા પાળ ઉતરતા બે ગાડીઓ આડી રાખેલ.

બનાવ સમયે તેઓ અને તેઓના પતિ ડેમ અંદરના ખેતર પરથી પાળ ઉતરતા તેઓના ઘરે મોટરસાયકલ ઉપર આવતા હતા જે ગાડી આડી ઉભી હતી તેમાંથી એક કાળા કલરની હતી અને એક સફેદ કલરની હતી. કાળી ગાડીમાંથી સાધા ભલુ નાટડા અને જીલુ ભલુ નાટડા ઉતરેલ અને સફેદ ગાડીમાથી રોહીત રાયધન નાટડા અને રાહુલ રાયધન નાટડા ઉતરેલા અને તેઓના પતિને ઢીકાપાટુનો માર મારવા લાગેલા ત્યારે તેણી છોડાવવા જતા રોહીત રાયધન નાટડા અને રાહુલ રાયધન નાટડાએ તેણીને પકડી લીધી. જીલુ ભલુ નાટડા તેણીના પતિને માર મારતો હતો. સાધા ભલુ નાટડા ગાડીમાથી જોટો લેવા ગયેલ તેવામા તેઓના પતિ જીલુ ભલુ નાટડા પાસેથી છોડાવીને જતા રહેલ. રોહીત રાયધન નાટડા અને રાહુલ રાયધન નાટડાએ તેણીને છોડી દીધેલ અને પછી તેઓ ચાલ્યા ગયેલા અને ધમકી દેતા ગયેલ કે જાનથી મારી નાખશુ, ઘરની બહાર નીકળતા નહી. ત્યારબાદ તેણી અને તેણીના પતિ બાલંભા સારવાર લેવા ગયેલ. તેણીને છાતીમા દુખતુ હોય અને તેણીના પતિને હાથ પગમા ઈજા થયેલ હોય જેથી સારવાર લેવા ગયેલા. ત્યા તેઓએ સારવાર લીધેલી અને રીપોર્ટ કરાવવાનુ કહેતા રીપોર્ટ કરાવેલ નહી. આ બાબતની ફરીયાદ તેણીએ આપેલી અને ફરીયાદ વખતે તેણીના પતિ પણ હાજર હતા. ઉપરોકત જણાવેલ તમામ વ્યકિતઓને કોર્ટમા હાજર હોય તો તેણી ઓળખી શકે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, ડેમની ધારેથી ગામમા ઉતરીયે ત્યાં આજુબાજુમા રહેણાકના મકાનો આવેલા છે, આજુબાજુની સીમમા જે ખેતરો છે તે તેમજ ગામમાં જવા આવવા વાળા આ જ રસ્તાનો ઉપયોગ કરે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવ સમયે કોઈ નીકળેલુ નહી. વધુમાં સદર સાહેદે એવી હકિકતો જણાવેલ છે કે, તેણીના પતિ જીલુભાઈના હાથમાથી છુટીને દોડીને તેઓની વાડીએ ચાલ્યા ગયેલા, આ વાડી કહે છે તે બનાવવાળી જગ્યાએથી આશરે એકાદ કિલોમીટર દુર થાય, તેણી પણ ચાલીને તે વાડીએ ગયેલ. વધુમાં સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તેઓ જયારે ડોકટર સાહેબને બતાવવા ગયા ત્યારે તેણીને આરોપીઓના નામની ખબર હતી. વધુમાં સદર સાહેદે એવી હકિકતો જણાવેલ છે કે, તેણીએ ડોકટરને બનાવ વિશે કે આરોપીઓના નામ વિશે જણાવેલ નહી, દવાખાને તેઓ દોઢ વાગ્યે પહોચેલા, રીપોર્ટ તેઓએ અમસ્તા જ કરાવેલ નહી. વધુમાં સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તેણીના પતિ અને તેના કુટુંબીજનો અને સાંધાભાઈ અને તેના પરીવાર વચ્ચે સામસામા ચાર પાંચ કેસ થયેલા છે, સાધાભાઈના ભાઈના હત્યાની ફરીયાદમા તેણીના પતિ રામભાઈ બે ત્રણ માસ જેલમાં પણ રહેલ છે અને આ કેસ હાલ જામનગર કોર્ટમાં ચાલુ છે, આ બનાવ પહેલા સાધાભાઈના ભાઈની હત્યાનો બનાવ બનેલ છે. વધુમાં સદર સાહેદ એ હકિકત

જણાવે છે કે, તેણી જે ફરીયાદ કર્યાનુ જણાવે છે તે જોડીયા મુકામે પોલીસ સ્ટેશનમા કરેલી અને એ ફરીયાદમા તેણીએ સહી કરેલી, તેઓ બનાવના દિવસે જ ફરીયાદ કરવા ગયેલા, બાલંભા સારવાર કરાવવા ગયેલા તે પહેલા ફરીયાદ કરવા જોડીયા ગયેલા, તેઓને જોડીયામા મોટુ સરકારી દવાખાનુ આવેલ છે તે ખબર છે.

(૭.૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૭૬ થી સાહેદ વિપુલભાઈ લખમણભાઇ પીઠમલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કયારે બનેલો તે વર્ષ તેમને યાદ નથી. બનાવમા તેઓના મામા અને મામી ડેમની પાળીયે વાડીએથી આવતા હતા ત્યારે તેઓના મામીની રાહુલભાઈ રાયધનભાઇ, રોહીત રાયધનભાઇ, જીલુભાઈ ભલુભાઇ, સાંધાભાઈ ભલુભાઈએ છેડતી કરેલી. બનાવ વખતે તેઓ વાડીએ હોય તેઓના મામા રામભાઈએ તેમને ફોન કરીને હકીકત જણાવેલી. ઉપરોકત ઈસમો બનાવ વખતે ગાડીમાં આવેલા. તેઓના મામાએ જણાવેલ કે સાધાભાઈ ગાડીમાંથી બંદુક કાઢવા ગયેલા અને જણાવેલ કે તમારે ઘરની બહાર નીકળવાનુ નથી. ઉપરોકત બનાવમા મામીને છાતીના ભાગે દુખતુ હોય તેઓ હોસ્પીટલે લઈ ગયેલ ત્યારે તેઓના બીજા મામા હીરાભાઈ એ પાછળથી હોસ્પીટલ આવેલા. ઉપરોકત બનાવમા તેઓના મામાને મુંઢ માર થયેલો. તેઓના મામા અને મામીને બાલંભા હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ અને ત્યાંથી રાજકોટ જવાનુ કીધુ. ઉપરોકત બનાવ સાધાભાઈ અને તેના પરીવાર સાથે બોલાચાલી થયેલી હોય તેનો ખાર રાખીને બનેલો.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ પોતાની વાડીએ હોય બનાવ નજરે જોયેલ નથી, ખરેખર ત્યા શુ બનાવ બનેલો તે તેઓ કહી શકે નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમને તેઓના મામાએ મોબાઈલ ઉપર જાણ કરેલી તે હકીકત તેઓ જણાવે છે, તેઓના મામીની છેડતી કરેલ તે હકીકત તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનમાં લખાવેલી નથી. તેઓ પોતાના મામા અને મામીને સારવાર માટે તેઓની ફોરવ્હીલમા લઈ ગયેલ. તેઓના મામા અને મામીને તેમના ધરેથી સારવાર માટે લઈ ગયેલ. તારાણા જે ડેમની પાળ છે તેની નજીક ગામ આવેલુ છે અને રહેણાકના મકાન થોડા દુર છે. સાહેદ જણાવે છે કે જાજા દુર છે. વધુમાં સદર સાહેદે એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે સાંજના સમયે ગામડા ગામમાં સીમમાથી માણસો ગામમા આવતા હોય તેમજ દુધ અને જીવન જરૂરી વસ્તુઓ લઈ જવા માટે બહાર જતા હોય છે માણસોની અવરજવર વધુ રહેતી હોય છે. વધુમાં સદર સાહેદ ઉલટતપાસમાં એવી હકિકતો જણાવે છે કે, બનાવ બાર વાગ્યાની અરસામા બનેલ, તેઓને ફોન જે મોબાઈલમાથી આવેલ

તેના નંબર તેમજ તેઓના મોબાઈલ નંબર પોતાના પોલીસ રૂબરૂના નીવેદનમાં લખાવેલ નથી, તેઓ પોતાના મામા મામીને બાલંભા દવાખાને લઈ ગયેલ ત્યારે હીરાભાઈ સાથે હતા નહી. સાહેદ જણાવે છે કે પાછળથી આવેલા, તેઓના મામીને ડોકટરે રાજકોટ લઈ જવાનુ કહેતા રાજકોટ લઈ ગયેલ. તેઓના મામાની ગાડી આવી જતા તે ગાડીમા રાજકોટ લઈ ગયેલા અને તેઓ પોતાની ગાડી લઈને તારાણા આવતા રહેલ, તેઓએ પોતાના મામા પાસેથી કઈ હોસ્પીટલમા દાખલ કર્યા કે કેટલા દિવસ એડમીટ રાખેલા તે બાબતે કોઈ જાણકારી મેળવેલ નથી, આજ દિવસ સુધીમા પણ કઈ હોસ્પીટલમા દાખલ કરેલા તે બાબતે કોઈ ચર્ચા થયેલ નથી. વધુમાં ઉલટતપાસમાં સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે,તેઓને અને સાધાભાઈના પરીવાર વચ્ચે બે ત્રણ વખત ઝઘડા થયેલ છે અને તેના ફોજદારી કેસો પણ થયેલા છે, એક ઝધડામા સાધાભાઈના ભાઈ વાસુભાઈનુ અવસાન થયેલ અને તે સેસન્સ કેસ હાલ તેઓના સામે જામનગર સેસન્સ કોર્ટમા ચાલે છે.

**(૭.૫)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૭૭ થી સાહેદ હીરાભાઇ ભુરાભાઇ વાંકને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી તેઓના ભાઈ થાય છે. બનાવ વખતે તેઓ હાજર હતા નહી તેઓના ધરનાઓએ તેમને બનાવ બાબતે જણાવેલું. ત્યારે એ લોકો દવાખાને જતા રહયા હતા. તેઓના ભાઈ રામભાઈ અને તેમના પત્નિ બાલંભા દવાખાને ગયેલા. બનાવમાં રામભાઈ મોટરસાયકલ લઈ ગોલાઈમાથી વળીને તેની વાડીએ ચાલ્યા ગયેલા અને શાંતી વહુના કપડા ફાટી ગયેલા. બનાવમાં તેઓના ભાઈ અને તેમના વહુ મોટરસાયકલ લઈને પાળ માથેથી ઘરે આવતા હતા ત્યારે જીરાગઢ જવાના રસ્તે એ લોકો ગાડી લઈ આડી રાખેલી જેથી રામભાઈ વચ્ચે રહેલ થોડીક જગ્યામાંથી ખાડાની બાજુમાંથી થઈ તેની વાડીએ ચાલ્યા ગયેલા. ત્યાંથી બાલંભા સારવાર માટે ગયેલા હશે અને રાજકોટ કે મોરબી લઈ ગયેલા. ઉપરોકત બનાવમાં ગાડી આડી રાખનાર સાંધા ભલુ, જીલુ ભલુ જે તેની બાજુમા બેઠો હતો અને બે છોકરા જેમા રાહુલ રાયધન તથા રોહીત રાયધન પાછળ બેઠા હતા. રામભાઈને હાથમા અને પગમા છોલાયાની ઈજા થઈ હતી. આ બનાવ બનવાનુ કારણ એવુ છે કે તેઓએ તેઓની ઉપર આક્ષેપ કરેલ છે કે તેઓએ તેના ભાઈનુ ખુન કરી નાખેલ છે. તેઓએ તેઓની ઉપર પીપળીયા ચાર રસ્તા ઉપર ફાયરીંગ કરેલ છે. જેનો કેસ મોરબી ચાલે છે. તેઓના ભાઈને છોલાવાની ઈજા કઈ રીતે થયેલી ? તે સવાલ પુછતા તેના જવાબમાં જણાવેલ છે કે એ લોકો મોટરસાયકલ ઉપરથી આવતા હતા ત્યારે આ લોકો આડા પડેલા, ઝપાઝપી થયેલી, શાંતી એટલે તેઓના ભાઈના વહુ મોટરસાયકલ ઉપરથી ઉતરી ગયેલ અને રામભાઈ ત્યાંથી મોટરસાયકલ ભગાડીને ત્યાથી વાડીએ જતા રહેલ. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, બનાવની જાણ તેઓને ઘરે આવતા થયેલી, તેઓને અને આરોપીઓ વચ્ચે જુદાજુદા ઘણા ફોજદારી કેસો ચાલે છે અને જામનગર મુકામે આરોપીના ભાઈના મર્ડરનો સેસન્સ કેસ તેઓના ઉપર ચાલુ છે. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં એવી હકિકતો જણાવેલ છે કે, તેઓ બાલંભા દવાખાને ગયેલ નહી, વીપુલ અને બીજા બાલંભા દવાખાને ગયેલા, શાંતા વહુને રાજકોટ મુકામે દાખલ કરેલા, કેટલા દિવસ રાખ્યા તે તેમને ખબર નથી.

**(૭.૬)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૭૮ થી સાહેદ રણમલભાઈ હીરાભાઇ વાંકને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી રામભાઈ તેઓના કાકા થાય અને શાંતીબેન તેઓના કાકી થાય છે. તેઓની સાથે બનાવ બનેલ તેની તેમને વાત કરેલ. તારીખ તેમને યાદ નથી. બનાવ ૨૦૨૧ મા બનેલો. બનાવમા તેઓના કાકા અને કાકી વાડીએથી બાઈક લઈને આવતા હતા ત્યારે તેઓને રાહુલભાઈ રાયધનભાઈ નાટડા, રોહીત રાયધનભાઈ નાટડા, જીલુભાઈ ભલુભાઈ નાટડા, સાંધાભાઈ ભલુભાઈ નાટડા ની સાથે માથાકુટ થયેલી. ત્યારે તેઓ વાડીએથી આવતા હતા અને બસો અઢીસો ફુટ દુર હતા ત્યારે જોયેલુ અને ત્યાથી પાછા વળી ગયેલ. ત્યારપછી શુ થયુ તેની તેમને ખબર નથી. તેઓના કાકા અને કાકીને હાથ અને પગમા મુંઢ માર લાગેલો. ત્યારબાદ તેઓ તેમની સાથે બાલંભા સરકારી હોસ્પીટલમા ગયેલ. તેઓને સારવાર ડોકટરે આપેલી. બનાવનુ કારણ તેમને ખબર નથી.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, સાધાભાઈના ભાઈના હત્યાના બનાવ પછી તેઓના બીજા સગાઓ સાથે તેઓની પણ ધરપકડ થયેલી અને તેઓ પણ થોડો ટાઈમ જેલમાં રહેલા અને આ ફરીયાદ બાબતનો સેશન્સ કેસ જામનગર કોર્ટમાં ચાલુ છે.

**(૭.૭)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૮૦ થી સાહેદ ડો. જશવંત નાનુભાઇ મકવાણાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ મેડીકલ ઓફીસર તરીકે બાલંભા પી.એચ.સી. સેન્ટરમા છેલ્લા નવ વર્ષથી મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. ગઈ તારીખ ૦૭/૦૪/૨૦૨૧ ના બપોરના ૦૧:૩૦ કલાકે રામભાઈ ભુરાભાઈ વાંક અને શાંતાબેન ભુરાભાઈ વાંક રહે. તારાણા ગામ તા.જોડીયાવાળા પી.એચ.સી. સેન્ટરે આવેલ. મારામારીનો કેસ હોવાથી પોલીસને જાણ કરી એમ.એલ.સી. દાખલ કરી અને બન્નેને સારવાર આપેલ. જેમા રામભાઈને છાતીમા દુખાવો,

જમણા હાથ અને પગમા થોડુ બ્લીડીંગ થવુ અને જમણા પગમા ઈજા થયેલ હોય તેઓએ દર્દીને ગ્લુકોઝનો બાટલો ચડાવેલ અને એક કમરમા ઈન્જેકશન આપેલ અને દર્દીને એકસ–રે અને ઇ.સી.જી. કરાવવા સલાહ આપેલ અને વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં રીફર કરેલ. રામભાઈ ભુરાભાઈ વાંકનુ સારવાર સર્ટી. બાલંભા પ્રાઈમરી હેલ્થ સેન્ટર તારીખ ૦૭/૦૪/૨૧ નુ બતાવતા જેમા પોતાની સહી છે અને હોસ્પીટલનુ સીલ છે. દર્દીને આપવામાં આવેલ સારવારનો કાગળ લાવેલ જેમા પોતાની સહી છે. દર્દી શાંતીબેન રામભાઈ વાંકને છાતીમા વધારે દુખાવાની ફરીયાદ હોય તેઓએ છાતીના દુખાવા માટે એક ઈન્જેકશન આપેલ તથા એક ગ્લુકોઝનો બાટલો ચડાવેલ અને દર્દીને ઈસીજી કરાવવાની સલાહ આપેલ. તેમને શાંતીબેન રામભાઈ વાંકનુ અસલ સારવાર સર્ટી. જે તેઓએ તૈયાર કરેલ છે જે મને બતાવતા તેમા પોતાની સહી છે અને હોસ્પીટલનુ સીલ છે. દર્દીને આપવામા આવેલ સારવારનો કાગળ લાવેલ જેમા પોતાની મારી સહી છે. તેઓના અભિપ્રાય મુજબ રામભાઈ ભુરાભાઈને થયેલ ઈજાઓ મારામારીમા બોથડ પદાર્થ લાગવાથી થઈ શકે. તેમજ શાંતીબેન રામભાઈને થયેલ છાતીમા દુખાવો મુંઢ માર મારેલ હોય તો થઈ શકે તે પ્રકારની છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, છાતીમા દુખાવો કે તીવ્ર દુખાવો કોઈપણ કુદરતી કારણસર પણ હોય શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેના લક્ષણો અલગ હોય છે. વધુમાં સાહેદ જણાવે છે કે તેઓએ દર્દીને તપાસતા દર્દીને કોઈ હાઈપર ટેન્શન કે બી.પી.ની તકલીફ ન હતી. વધુમાં સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ દર્દીને તપાસતા તેઓને કોઈ હાયપર ટેન્શન કે બી.પી.ની તકલીફ ન હોવાની હકીકત સારવાર સર્ટી.મા કે એમ.એલ.સી.કાગળોમા કે આજરોજ સોગંદ ઉપરની સરતપાસમા જણાવેલ નથી, હાથપગમાં વાગવા કે બ્લીડીંગ થવુ તે ખેતીકામ કરતા, ખેતીના ઓજારો વાગવાથી પણ થઈ શકે. સાહેદ જણાવે છે કે ઓજારથી થયેલ ઈજાના ચીન્હો હતા નહી. વધુમાં સદર સાહેદે સ્વિકારેલ છે કે, રામભાઈ કે શાંતીબેન કોઈએ બનાવની હીસ્ટ્રી કે કોઈના નામ કે વર્ણન તેઓને જણાવેલા નથી.

(૭.૮) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૯૨ થી તપાસ કરનાર અમલદાર ધર્મદિપસિંહ પ્રવિણસિંહ ચુડાસમાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા:–૦૭/૦૪/૨૦૨૧ ના રોજ જોડિયા પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા ત્યારે જોડિયા પો.સ્ટેના પી.એસ.ઓ. જે. વી. વીઠુએ આ કામના ફરીયાદી રામાભાઈ ભુરાભાઈ વાંક રહે. તારાણા ગામ, નાઓની ફરીયાદ તેઓને તપાસ કરવા માટે આપતા તેઓએ આ બનાવવાળી જગ્યાનું પંચનામું કરી સાહેદોના નિવેદનો

નોંધી ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવી, અને આ કામે આરોપી રાહુલ રાયધનભાઈ નાટડા, રોહીત રાયધનભાઈ નાટડા, જીલુભાઈ નાટડાનાઓને અટક કરેલ અને તેમના વિરૂધ્ધનું ચાર્જશીટ નામ. કોર્ટમાં કરેલ અને ફરીયાદમાં દર્શાવેલ આરોપી નં–૪ સાંધાલાલ ભલુભાઈ નાટડાનાઓની બનાવ સ્થળે હાજરી ના હોય જેથી કોલ ડીટેઈલ તથા સી.સી.ટી.વી ફુટેજ મેળવી તેમના વિરૂધ્ધમાં ચાર્જશીટ કરેલ નથી અને ઉપરોક્ત કોલ ડીટેઈલ તથા સી.સી.ટી.વી ની સર્ટીફાઈડ નકલ તથા સી.સી.ટી.વી ફુટેજમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫ બી નું પ્રમાણપત્ર મેળવેલ. તેઓને આંક–૩૨ તથા આંક–૩૪ વાળુ અટક પંચનામું બતાવતા જે તેઓના રૂબરૂ થયેલ છે અને બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ છે. તેઓને આંક–૫૭ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામું બતાવતા જે તેઓના રૂબરૂ થયેલ છે અને બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ છે. આરોપીઓને જોયેથી ઓળખે છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદ એ હકિકતો જણાવેલ છે કે, બનાવવાની જગ્યાનું પંચનામું ફરીયાદ થઈ તેના બીજા દિવસે કરેલ, સાહેદોના નિવેદનો બીજા દિવસે લીધેલ હતા, ભોગબનનારનું નિવેદન તેજ દિવસે લીધેલ. વધુમાં સદર સાહેદે એ હકિકતો સ્વિકારેલ છે કે, સાધાભાઈ અને રામભાઈ એ બંન્ને પરીવારો વચ્ચે ઘણા બધા કેસો થયેલા છે અને ખુન થયાના પણ બનાવ બનેલ છે, ખુનનો બનાવ બનેલ તેમાં સાધાભાઈના ભાઈ મરણ ગયેલા. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે બનાવવાળી જગ્યાએ રહેણાંક વિસ્તાર નથી, બનાવવાળા રસ્તા ઉપર આવતા જતા કોઈ રાહદારીના કે ખેતરમાં અંદર કોઈ કામ કરતા હોય તે વ્યક્તિના નિવેદનો મારી તપાસ દરમ્યાન લીધેલા નથી. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે તેઓએ પોતાની તપાસ દરમ્યાન જામનગર જી.જી. હોસ્પીટલના કે રાજકોટની કોઈ ખાનગી હોસ્પીટલના સારવારના કાગળો કબજે કરેલ નથી, તેઓએ પોતાની તપાસ દરમ્યાન જોડિયા રેફરલ હોસ્પીટલમાં સારવાર લીધેલ હોવાના કાગળો કબજે કરેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૮) ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો તુલનાત્મક રીતે જોવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ જે આક્ષેપ છે તે બાબતે કાયદાકિય જોગવાઈ જોવામાં આવે તો,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪ અ – જાતીય સતામણી અને જાતીય સતામણી માટે સજાઃ–**

(૧) કોઇ વ્યક્તિ નીચે જણાવેલ પૈકી કોઇ પણ કૃત્ય કરે.
(૧) શારીરિક અડપલા અને સ્પષ્ટ અનિચ્છા છતાં જાતીય વાતચીતની પહેલ કરવી
(૨) જાતિય સંબંધ માટે વિનંતી કરવી કે માંગણી કરવી.
(૩) સ્ત્રીની અનિચ્છા છતાં તેણીને બિભત્સ ચિત્રો બતાવવા.
(૪) જાતિય વિષે કંઇ બોલવુ તે જાતિય સતામણી માટે ગુનેગાર ગણાશે.

(૨) જે કોઇ વ્યક્તિ પેટા કલમ–૧ના ખંડ (૧) અથવા ખંડ (૨) અથવા ખંડ (૩)માં જણાવ્યા મુજબનો ગુનો કરશે તેને ત્રણ વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

(૩) જે કોઇ વ્યક્તિ પેટા કલમ–૧ના ખંડ (૪) માં જણાવ્યા મુજબનો ગુનો કરશે તેને એક વર્ષ સુધીની કોઇપણ પ્રકારની કેદની સજા અથવા દંડ અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ – સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા માટે શિક્ષાઃ–**

જે કોઇ વ્યક્તિ, કલમ ૩૩૪માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે, તેને એક વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૧૧૪ – ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરીઃ–**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણાના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યક્તિ શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

હવે, ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, સૌ પ્રથમ આ કામે રજુ થયેલ પંચનામા ધ્યાને લઇએ તો આંક–૩૨ વાળુ આરોપી અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામુ, આંક–૩૪ વાળુ આરોપીની અટક અંગેનું પંચનામુ અને આંક–૫૭ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે તે તમામ પંચનામાનાં પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે જેઓએ પંચનામામાં પોતાની સહી તથા અંગુઠાનું નિશાન

ઓળખી બતાવેલ છે તે સિવાયની કોઇ હકિકતને સમર્થન કરતા નથી. તેઓને વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જેથી એક પણ પંચનામાની હકિકતો પુરવાર થતી નથી.

આ કામના ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો એવી હકિકત જોવામાં આવે છે "જીલુભાઇએ તેઓને પકડી રાખેલ અને સાધાભાઇ તેની ગાડીમાંથી જોટો લેવા ગયેલ અને કહેવા લાગેલ કે, તમે ઘરની બહાર નિકળતા જ નહી નહીતર પતાવી જ દેવાના છે તેમ ધમકી મારેલ હતી. જેથી મને મારી નાખશે તેવી બીક લાગેલ જેથી હું જીલુભાઇ પાસેથી છુટીને મારૂ મો.સા. લઇ ભાગી ગયેલ હતો" પરંતુ આવી હકિકત ફરીયાદીએ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. જ્યારે ફરીયાદીના પત્નિ સાહેદ શાંતિબેનની જુબાની જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે " સાધા ભલુ નાટડા ગાડીમાથી જોટો લેવા ગયેલ તેવામાં મારા પતિ જીલુ નાટડા પાસેથી છોડાવીને જતા રહેલ અને રોહીત રાયધન નાટડા અને રાહુલ રાયધન નાટડાએ મને છોડી દીધેલ અને પછી તેઓ ચાલ્યા ગયેલા અને ધમકી દેતા ગયેલ કે જાનથી મારી નાખશુ, ઘરની બહાર નિકળતા નહી". આમ, જાનથી મારી નાખવાની ધમકી બાબતની હકિકતોમાં વિરોધાભાષ જણાઇ આવે છે જે શંકા ઉપજાવે છે.

વધુમાં આંક–૬૫ વાળા સાહેદ શાંતિબેને પોતાની જુબાનીમાં તેઓએ જોડીયા પોલીસ સ્ટેશનમાં આ બનાવની ફરીયાદ આપેલ હોવાનું જણાવેલ છે તથા તેઓએ ફરીયાદમાં સહી કરેલ હોવાનું જણાવે છે. પરંતુ હાલના કામની ફરીયાદ તેઓના પતિ દ્વારા આપવામાં આવેલ છે અને તેઓના પતિ દ્વારા પોતાની જુબાનીમાં ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જેથી સદર હકિકત પણ શંકા ઉપજાવે છે.

આ કામે આંક–૭૬ થી સાહેદ વિપુલભાઇ લખમણભાઇ પીઠમલને તથા આંક–૭૭ થી સાહેદ હીરાભાઇ ભુરાભાઇ વાંકને અને આંક–૭૮ થી સાહેદ રણમલભાઇ હીરાભાઇ વાંકને તપાસેલ છે તેઓ ત્રણેય હીયરસે વીટનેસ છે. તેઓએ બનાવ બનતા નજરે જોયેલ નથી. તેઓ ત્રણેય ફરીયાદીના સગાં સંબંધી છે. જેઓ હીત ધરાવતા સાહેદો છે. જેઓને આરોપીઓ સાથે અગાઉથી ઝઘડા તકરાર ચાલતી આવેલ છે અને આરોપીઓના સગાઓ દ્વારા કરવામાં આવેલ કેસોમાં આરોપી તરીકે પણ છે. જેથી તેઓના પુરાવાના આધારે આરોપીઓને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

સદર કામે આંક–૮૦ થી સારવાર કરનાર ડોક્ટરશ્રીને તપાસેલ છે. ફરીયાદી દ્વારા પોતાની ઉલટતપાસમાં તેઓએ જે ડોક્ટર પાસે સારવાર લીધેલી તેને તેઓએ બનાવ વીશે જાણ કરેલી તેવુ જણાવેલ છે જ્યારે હાલના ડોક્ટરશ્રી દ્વારા પોતાની ઉલટતપાસમાં એવી હકિકત સ્વિકારેલ છે કે રામભાઇ કે શાંતીબેન કોઇએ બનાવની હીસ્ટ્રી કે કોઇના નામ કે વર્ણન તેઓને જણાવેલ નહી. આમ, ફરીયાદી તથા સદર ડોક્ટર સાહેદની જુબાનીમાં પણ વિરોધાભાષ જણાઇ આવે છે.

સદર કામે આંક–૯૨ થી તપાસ કરનાર અમલદારને તપાસવામાં આવેલ છે તેઓએ તપાસમાં કરેલ કામગીરી મુજબ પુરાવો રજુ કરેલ છે ફરીયાદમાં દર્શાવેલ આરોપી નંબર–૪ સાંધાલાલ ભલુભાઇ નાટડાનાઓની બનાવ સ્થળે હાજરી ના હોય જેથી કોલ ડીટેઇલ તથા સી.સી.ટી.વી.ની સર્ટીફાઇડ નકલ તથા સી.સી.ટી.વી. ફુટેજમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫ બી નું પ્રમાણપત્ર મેળવેલ તેવુ જણાવેલ છે. પરંતુ હાલના કામે આવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. જ્યારે ફરીયાદી તથા તેમના પત્નિ દ્વારા સદર આરોપી બનાવ સ્થળે હાજર હોઇ અને જોટો લેવા ગયેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલાનું જણાવે છે. આમ, સાહેદો તથા તપાસ કરનાર અમલદારની તપાસમાં વિરોધાભાષ જણાઇ આવે છે.

સદર બનાવ વખતે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે જેની આજુબાજુ રસ્તો તથા ખેતરો આવેલા છે અને રહેણાંક મકાનો આવેલા છે અને લોકોની અવર જવર વાળો વિસ્તાર છે. આ કામે તપાસ કરનાર અમલદાર દ્વારા ફક્ત ફરીયાદીના સગાં સંબંધીઓના નિવેદન લીધેલા છે. પરંતુ તપાસ કરનાર અમલદાર દ્વારા આ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આ તબક્કે ***૨૦૦૩, એસ.એ.આર.(ક્રિમિનલ),૪૨૭*** પરનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદામાં ભારતીય પુરાવાના કાયદાની કલમ–૨૭ ની ચર્ચા કરતાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, સ્વતંત્ર પંચ સાહેદોથી સમર્થન મળવુ જોઇએ. સદર કામે રજુ થયેલ પુરાવામાં ખુબ જ વિરોધાભાષ હોઇ આરોપી સામે શંકા રહિત ગુનો સાબીત કરી શકેલ ન હોય આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૫૪(ક)૧, ૩૨૩, ૧૧૪ મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી નંબર (૧) રાહુલભાઇ રાયધનભાઇ નાટડા, (૨) રોહીત રાયધનભાઇ નાટડા અને (૩) જીલુભાઇ ભલુભાઇ નાટડા, તમામ રહે. તારાણા ગામ,તા.જોડીયા, જિ.જામનગરનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૫૪(ક)૧, ૩૨૩, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી, નિર્દોશ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીઓની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીઓએ રૂ.૫૦૦૦/-ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

(૩) મુદામાલ વાહન અંગે જો અગાઉ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો યથાવત રાખવામાં આવે છે અન્યથા માલીકી અંગેની ખરાઇ કરી મુળ માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ-૦૨ જી, માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તારીખઃ-૦૨/૦૪/૨૦૨૬
સ્થળઃ- જોડીયા

**(કું. એમ.એચ.મકવાણા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જી.જામનગર
GJ01523

બી.કે.બળદા(ગુજ.સ્ટેનો)